**હિંમતનગર નાગરિક સહકારી બેંક લિ.**

રજી. ઓફિસ : સિનેમા રોડ, હિંમતનગર - ૩૮૩૦૦૧.
ફેક્સ : (૦૨૭૭૨) ૨૪૨૨૨૧, E-mail : hnsb1964@yahoo.com

**યશસ્વી ૫૩ વર્ષનો ગૌરવવંતો બુલંદ ઈતિહાસ ધરાવતી સાબરકાંઠા જિલ્લાની એક માત્ર સમર્થ સહકારી બેંક**

**તા. ૩૦-૬-૨૦૧૭ના આર્થિક પરિણામો**

| | (રૂ. લાખમાં) |
|---|---|
| ભરપાઈ થયેલ શેરમૂડી | ૩૪૩.૦૬ |
| અનામત | ૨૧૦૩.૭૩ |
| થાપણો | ૨૨૩૨૮.૩૪ |
| ધિરાણ | ૧૦૨૫૯.૯૯ |
| કામકાજનું ભંડોળ | ૨૫૦૮૫.૦૨ |
| નફો (૨૦૧૬-૧૭) | ૧૪૪.૬૨ |

**નાગરિક બેંકની અનન્ય સેવાઓ**

- સિનિયર સિટીઝનને ૦.૫ ટકા વધુ વ્યાજ આપવામાં આવે છે.
- RTGS - NEFT ની સુવિધા IFSC Code : IBKL0218HNS
- સ્ટેમ્પ ફ્રેન્કીંગની સુવિધા
- સુસ્મિત ઝડપી ગ્રાહક સેવા
- મકાન બનાવવા, કાર કે બાઈક ખરીદવા ઓછા વ્યાજે સરળ ધિરાણની સુવિધા
- દરેક સભાસદ રૂ. ૧ લાખના અકસ્માત વિમમાથી સુરક્ષિત
- Gold દાગીના પર, NSC - KVP સામે ધિરાણની સુવિધા
- લોકર સુવિધા ઉપલબ્ધ
- એસ.એમ.એસ. એલર્ટ

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ**

| | |
|---|---|
| નલીનકુમાર એમ. પટેલ (સરપંચ) ચેરમેન | નલીનકુમાર આર. પટેલ મેને. ડિરેક્ટર |
| રાજેન્દ્રસિંહ આર. ચાવડા | હિરેનભાઈ એન. ગોર |
| સુરેશકુમાર ટી. પટેલ | દિલીપભાઈ જે. શાહ |
| દિનેશકુમાર સી. મહેતા | કલ્પનાબેન ડી. પટેલ |
| નાથાલાલ એમ. પટેલ | રમીલાબેન જે. પટેલ |
| મૌલેશકુમાર બી. સોની | દશરથભાઈ કે. પરમાર |

C.A. પાર્થ પી. પટેલ (પ્રોફેશનલ ડિરેક્ટર)
શંકરભાઈ કે. પટેલ (પ્રોફેશનલ ડિરેક્ટર)

યોગેશભાઈ એલ. ગાંધી - મેનેજર
ટેલિફોન વડી કચેરી : ૨૪૨૨૨૧, ૨૪૧૭૭૩
શાખાઓ : માર્કેટયાર્ડ-૨૪૬૨૫૦, મહાવીરનગર-૨૩૩૭૭૬,
મોતીપુરા-૨૨૯૫૪૭, મહેતાપુરા-૨૨૩૨૫૨
સહકારી જીન રોડ - ૨૪૭૭૭૪, પ્રાંતિજ (૦૨૭૭૦) ૨૩૨૨૨૧

# પ્રાંતિજમાં સ્વાઈન ફ્લુનો કહેર યથાવત

## પ્રાંતિજમાંથી એક અને પલ્લાચરમાંથી એક મળી કુલ બે કેસો નવા મળી આવ્યા

પ્રાંતિજ, તા. ૧૪
સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તથા તાલુકામાંથી બીજા એક-એક એમ બે કેસો સ્વાઈનફલુ પોજેટીવ કેસો મળી આવ્યાં. જેમાં એકને અમદાવાદ સિવિલ અને બીજો ગાંધીનગર ખાતે સારવાર લઈ રહ્યો છે.



પ્રાંતિજમાં સ્વાઈનફલુના કેસો એક પછી એક વધારો થઈ રહ્યો છે ત્યારે સ્વાઈનફલુ ના ચાર કેસો મળી આવ્યાં છે ત્યારે એપ્રોચરોડ ઉપર આવેલ ગંજાનદ સોસાયટીમાંથી યુથ જયદિપભાઈ પટેલ, ઉ. વર્ષ-૫ જેને સ્વાઈનફલુ પોજેટીવ મળી આવતાં તેને ગાંધીનગર ખાતે શાન્તમ હોસ્પિટલ ખાતે સારવાર આપવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજ તાલુકાનાં પલ્લાચર ખાતે રહેતાં ચકુસિંહ કેસરીસિંહ ઉ. વર્ષ-૨૪ તેવોને પણ સ્વાઈનફલુ પોજેટીવ મળી આવતાં તેવોને પણ અમદાવાદ સિવિલમાં સારવાર આપવામાં આવી રહી છે. ત્યારે પ્રાંતિજમાંથી પાંચ અને પલ્લાચરમાથી એક એમ કુલ-છ કેસો સ્વાઈનફલુના મળી આવતાં ઉંઘતુ આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યા છે અને ઘરે ઘરે ચેકિંગ હાથ ધરી સ્વાઈનફલુ વિષેની યોગ્ય માર્ગદર્શન તથા સાવચેતીની માહિતી પુરી પાડવામાં આવી રહી છે. ત્યારે બીજીબાજુ પ્રાંતિજ નગરપાલિકા આરોગ્ય વિભાગ પણ સ્પ્રે નો વિવિધ સોસાયટીઓ તથા આજુબાજુની ઝાડીઓમાં તથા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં સ્પ્રે મશીન દ્વારા મારવામાં આવી રહ્યો છે ત્યારે બીજી બાજુ દવા પાવડરનો પણ પાણી ખાબોચીયા પાસે તથા લીલવાળી જગ્યા તથા ઝાડીઓમાં છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

# અરવલ્લી જીલ્લામાં સ્વાઈન ફ્લુનો વધુ કેસ નોંધાયો

## આરોગ્ય વિભાગ દ્વારા સર્વે શરૂ કરવામાં આવ્યો

અરવલ્લી, તા. ૧૪
સમગ્ર રાજ્યમાં સ્વાઈન ફ્લુ નામના રોગે લોકોને પોતાની ચપેટમાં લીધા છે જેના કારણે ગુજરાતમાં હાહાકાર મચી જવા પામી છે અને સ્વાઈન ફ્લુના કારણે અત્યાર સુધી કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા છે. તો કેટલાય લોકો હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં પણ આ રોગે દસ્તક દીધી છે અને છેલ્લા ચાર દિવસમાં ચાર કેસ નોધાયા છે. જેના કારણે જીલ્લાના લોકોમાં ફફડાટ ફેલાયો છે. જીલ્લામાં માલપુરમાંથી સ્વાઈન ફ્લુના બે કેસ અને મોડાસામાંથી પણ બે કેસ જીલ્લા આરોગ્ય વિભાગના ચોપડે નોંધાયા છે. જેથી આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવી જઈને સર્વે કરી લોહીના નમુના લઈ તપાસ માટે મોકલી આપ્યા છે અને જીલ્લામાં આ રોગ વધુ ના ફેલાય તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જીલ્લામાં સ્વાઈન ફ્લુમાં સપડાયેલ આ ચારે દર્દીઓ અમદાવાદની વિવિધ હોસ્પિટલોમાં સારવાર મેળવી રહ્યા છે.

# ડીસા રાજપુરના હરિહર મહાદેવના મંદિરે ભક્તોની ભીડ

ડીસા શહેરના રાજપુર વિસ્તારમાં આવેલ પૌરાણિક હરિહર મહાદેવના મંદિરે પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે ચોથા સોમવારના રોજ ભક્તો દ્વારા શિવજીની અનોખી રીતે પરંપરાગત રીતે પૂજા-અર્ચના કરવામાં આવી હતી. જેમાં શિવજીને મધ, શેરડીનો રસ, ગાયનું દૂધ, ગંગાજળ, ડ્રાયફ્રૂટ, સરસવનું તેલ, તમામ પ્રકારનું ફ્રૂટ, કાળા તલ સહિત શિવજીને ચડાવવામાં આવ્યા હતા. ભૂદેવ દશરથ મહારાજના હસ્તે ખાસ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. જેમાં સમગ્ર લોધા સમાજ મિત્ર મંડળ અને ધર્મપ્રેમી નાગરિકોએ જોડાઈ દર્શનનો લાભ લીધો હતો. સમાજ દ્વારા હવન અને ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકોએ હવનમાં આહુતિ આપી ધન્યતા અનુભવી હતી. પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન હરિહર મહાદેવના મંદિરે શ્રદ્ધાળુઓની ભીડ રહે છે, હરિહર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નાદથી મંદિર પરિસર ગુંજી ઉઠ્યા હતા.

# ધાનેરા સિવાયના બનાસકાંઠા અને પાટણ જિલ્લાની સ્થાયી કેબીન ધારકોને ૧૫ હજારની સહાય અપાશે

ધાનેરા, તા. ૧૪
રાજ્યના ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિને કારણે અનેક વિસ્તારોમાં વેપાર, વાણિજ્ય અને સેવાકીય એકમોને નુકશાન થયું છે. આ માટે રાજ્ય સરકારે ખાસ સહાય પેકેજ પણ જાહેર કર્યું છે. જેમાં ધાનેરા માટે ખાસ જોગવાઈ કરી છે. ધાનેરા સિવાયના બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અન્ય અસરગ્રસ્ત વિસ્તારોના નાના સ્થાયી કેબીન ધારકોને રૂ.૧૫ હજારની રોકડ સહાય ચૂકવવામાં આવશે, એમ મહેસુલ વિભાગના ઠરાવમાં જણાવાયું છે.

ઠરાવમાં વધુમાં જણાવ્યાનુસાર આ સહાય ચૂકવવા માટે તાલુકા અને જિલ્લાકક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે. જે માટે પૂરતી નાણાકીય જોગવાઈ પણ કરી દેવામાં આવી છે. તાલુકાકક્ષાએ અસરગ્રસ્ત વિસ્તારોમાં વાણિજ્ય, વેપારી અને સેવાકીય અસરગ્રસ્તોના એકમને મંજૂર કરવા સંબંધિત પ્રાંત અધિકારી અથવા તેને સમકક્ષ અધિકારીના અધ્યક્ષે સમિતિની રચના કલેકટર દ્વારા કરવામાં આવી છે. આ માટે રાહત મંજૂર કરવા સંબંધે ઉભા થતા પ્રશ્નો, તકરાર અને વિવાદ અંગેની વહીવટી અર્થઘટન સંબંધિત અપીલ માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષે સમિતિ રચવામાં આવી છે. જેમાં જિલ્લા વિકાસ અધિકારી અને સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર આ સમિતિના સભ્યો રહેશે. જેઓ દ્વારા જરૂરી ચર્ચા, આધાર પુરાવા ચકાસણી બાદ સહાય ચૂકવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

# પાલનપુરના શીતળામાતાના મંદિરે ઉમટ્યુ ભક્તિનું ઘોડાપૂર

પાલનપુર, તા. ૧૪
પાલનપુર શહેરમાં રેલવે સ્ટેશનની હદમાં આવેલા શીતળા માતાના મંદિર ખાતે આજે ભક્તિનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. શીતળા સાતમ નિમિત્તે શીતળામાતાના મંદિરે દર્શનાર્થીઓની ભારે ભીડ જામી હતી. જેઓએ શીતળા માતાની માનતા પૂર્ણ કરી ધન્યતા અનુભવી હતી.

પવિત્ર શ્રાવણ વદ સાતમ એટલે શિતળા સાતમનો તહેવાર. આજના દિવસે પાલનપુર પંથકમાં ઠેર ઠેર શીતળા સાતમની ઉત્સાહભેર ઉજવણી થાય છે. પાલનપુર શહેરમાં રેલવે સ્ટેશન ખાતે આવેલા પ્રાચીન શ્રી શીતળા માતાના મંદિરે પણ આજે પરંપરાગત રીતે શીતળા માતાનો લોક મેળો ભરાયો હતો. આ લોકમેળામાં હજારો ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. જેઓએ શીતળા માતાની બાધા-આખડી પૂર્ણ કરી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

**સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ...**

સોની ગોપાલભાઈ નંદકિશોરજી
પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર

**સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ...**

BJP
અમૃત પુરોહિત
સદસ્ય, હિંમતનગર નગરપાલિકા
ઉપપ્રમુખ, હિંમતનગર શહેર સંગઠન
કારોબારી ચેરમેન, હિંમતનગર નગરપાલિકા
સભ્ય, ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ
મો. : ૮૪૬૯૭ ૦૦૦૦૦
E-mail : amrut1098@gmail.com
-: ઓફિસ :-
ચોપડા ભવન, વિશ્વકર્માનગર, છાપરીયા ચાર રસ્તા, હિંમતનગર (સા.કાં.)
-: રહેઠાણ :-
વિનાયકનગર, રામજી મંદિર પાસે, હડિયોલ પુલ છાપરીયા, હિંમતનગર

એક મુખી રૂદ્રાક્ષ
શુધ્ધ ચાંદીમાં મઢેલ એક મુખી રૂદ્રાક્ષ
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પહેલી વાર લેબ ટેસ્ટેડ સર્ટિફિકેટ સાથે ફક્ત ૨૧૦૦/- માં મનીબેક ગેંરટી સાથે*
એક મુખી રૂદ્રાક્ષ ભગવાન શિવનું સાક્ષાત સ્વરૂપ છે શાસ્ત્રો પ્રમાણે રૂદ્રાક્ષ ધારણ કરવાથી કર્જ મુક્તી, ધનની તંગી કૌટુંબિક કલેશ, શત્રુ બાધાઓ, નોકરી વેપારમાં સમસ્યાઓ દૂર થાય અને અપાર ધન-સંપત્તીની પ્રાપ્તી થાય.
એક મુખી રૂદ્રાક્ષની ખરીદી ઉપર બીલકુલ મફત મેળવો
ડીલીવરી મળે પછી ચુકવણી કરો.
એક મુખી રૂદ્રાક્ષ | સર્ટીફીકેટ | રૂદ્રાક્ષ સાથે ફ્રી | વ્યાપારવૃદ્ધિ યન્ત્રમ | સર્વકાર્ય સિદ્ધયંત્રમ | ધન લક્ષ્મી યંત્ર
An ISO :- 9001 :2015 & 10002 : 2014 Certified
શ્રી ઓમ વૈદીક પ્રતિસ્થાન
કાશીવિશ્વનાથ કોમ્પલેક્ષ, બગીચા વિસ્તાર હિંમતનગર મો. ૮૫ ૧૧૭ ૫૦ ૧૧૫

॥ જય સોદરા માતાજી નમઃ ॥
સ્વાતંત્ર્ય દિન નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ....
પ્રેમભાઈ - ફોન : ૦૨૭૭૨-૨૪૨૮૪૯, મો. ૯૯૨૫૯ ૬૩૮૪૯
હરી શંકર ફુટવેર
ફૂટવેરના હોલસેલ વહેપારી
સ્કૂલ સુઝ તેમજ લેડીઝ અને જેન્ટસના ફેન્સી સુઝના સપ્લાયર્સ
ડીસ્ટ્રીબ્યુટર્સ : VKS Pride
સોની બજાર, જીવનધારા કોમ્પલેક્ષ, જુના બજાર, હિંમતનગર-૩૮૩૦૦૧

HINDUSTAN ZIRCON
Happy Independence Day!
સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ....
H. M. THAKKAR
Chairman & M. D.
+91 98250 70825
Astron Zircon Pvt. Ltd.
96, GIDC Estate, Motipura, Himatnagar-383001,
Dist. Sabarkantha, Gujarat, India.
Fax : 02772 - 229791,
Phone : 02272-229391 / 229591
Visit us at : www.astronzircon.com,
Email : info@astronzircon.com